અપીલ અરજી નં.૧૩૩/૦૮–૦૯ તા. ૨૦–૮–૦૮

અરજદારઃ શ્રીપ્રવિણ પ્રકાશ મહાજન
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રીપ્રવિણ પ્રકાશ મહાજન ની તા.૧૧–૭–૦૮ ની અરજીથી સુમન હાઈસ્કુલો શરૂ થવાથી આજ સુધીની શિક્ષક ભરતીની જાહેરાતો કોન્ટ્રાક શિક્ષકોની અને પરમેનન્ટ શિક્ષકોની મહેકમ (પેપરમાં છપાયેલ જાહેરાતોની કટીંગ જોઈએ.) વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની વિગત આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૦–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૩/૨૦૦૮–૦૯

શ્રીપ્રવિણ પ્રકાશ મહાજન ની તા.૧૧–૭–૦૮ ની અરજીથી સુમન હાઈસ્કુલો શરૂ થવાથી આજ સુધીની શિક્ષક ભરતીની જાહેરાતો કોન્ટ્રાક શિક્ષકોની અને પરમેનન્ટ શિક્ષકોની મહેકમ (પેપરમાં છપાયેલ જાહેરાતોની કટીંગ જોઈએ.) વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની વિગત આપવા બાબતે મુદ્દા નં.૧,૪,૫ ની માંગવામાં આવેલ નકલો આપવામાં આવેલ ન હોઈ. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૭ તા.૨૭–૮–૦૮ થી ડે.કીમશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમ તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીકૃટમેન્ટ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૧૩૪ તા.૩૦–૮–૦૮ અને ડે.કમિશ્નર (સ્પે) તરફથી જીએડી/ઈએસટી/આર/૬૦૮ તા.૧૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૧૬૩૫ તા.૨૮–૭–૦૮ થી માહિતી પૂરી પાડવા સબંધે પાઠવેલ પત્રની નકલ તથા તેના અનુસંધાને અરજદારે તા.૪–૮–૦૮ ના રોજ મેળવેલ માહિતી પૂરી પાડયાની પહોંચની નકલ પણ રજુ કરેલ છે. અરજદારે મુળ અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ ,૪ અને ૫ ની માહિતી નહીં મળેલ હોવાની રજુઆત કરેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલના મુદ્દા નં.૧ સુમન સ્કુલ શરૂ થયાથી આજ સુધીની શિક્ષક ભરતીની જાહેરાતોની નકલની માંગણી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૧૭૩૫ તા.૪–૮–૦૮ થી પૂરી પાડવામાં આવેલ છે. જેના સામે અરજદારે કોન્ટ્રાકટ શિક્ષકોની જાહેરાત મળેલ નહી હોવાનું તથા ફકત એક જ જાહેરાત મળેલ હોવાની રજુઆત અપીલમાં કરેલ છે. તથા મુદ્દા નં.૪ માં શિક્ષકોનો કોન્ટ્રાકટ તથા કાયમી શિક્ષકોના નિમણુંક પત્રની નકલ નહીં મળ્યાનું જણાવેલ છે. તેમજ મુળ અરજીના સબંધિત મુદ્દાઓ અંગે સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૪૦૮ તા.૧૪–૭–૦૮ થી સેન્ટ્રલ ઝોન તરફથી નિયામકશ્રી સુમન માધ્યમીક શાળા સેલને તબદીલ થયેલ છે. સુમન શાળા સેલ તરફથી સ્પર્શતા મુદ્દા નં. ૫ અંગે માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દાઓ નં.૧ અને ૪ અંગેની માહિતી અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ઈન્સ્પેકશન પુરું પાડી માંગે તે નકલો તથા મુદ્દા નં.૫ ની નહીં પૂરી પડાયેલ માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (સુમન શાળા સ ેલ)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,(મધ્યસ્થ મહેકમ અને સુમન શાળા સેલ).. જાણ તથા અમલ માટે

(૨) શ્રીપ્રવિણ પ્રકાશ મહાજન,